# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૨૫ થી ૩૧ જુલાઈ, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| | જુલાઈ–૧૬ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વાસ્તવિક વરસાદ (મીમી) | | | | | | | | | ભારતીય હવામાન શાખાની આગાહી | | | | |
| તારીખ | ૧૪–૨૦ જુલાઈ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |
| **ગુજરાત** | | | | | | | | | | | | | | |
| અમરેલી | ૧૫.૨ | ૫.૩ | ૦.૪ | ૩.૭ | ૦.૫ | ૦ | ૦ | ૦.૨ | ૫.૫ | ૭ | ૩૦ | ૩૯ | ૧૯ | ૯ |
| ભાવનગર | ૧૬.૯ | ૪ | ૨.૬ | ૬.૨ | ૦.૩ | ૦ | ૦.૭ | ૦.૯ | ૪.૩ | ૫ | ૨૦ | ૨૧ | ૯ | ૬ |
| જામનગર | ૫૧.૪ | ૬.૯ | ૨ | ૦.૮ | ૦ | ૦ | ૦ | ૨.૮ | ૦.૨ | ૦ | ૧૪ | ૪૬ | ૩૧ | ૭ |
| રાજકોટ | ૨૨ | ૪ | ૫.૬ | ૦.૩ | ૦.૭ | ૦ | ૦ | ૦ | ૦.૬ | ૩ | ૩૦ | ૩૯ | ૨૯ | ૯ |
| ભરૂચ | ૫૫.૨ | ૯ | ૩૦ | ૧.૬ | ૦.૩ | ૦ | ૩.૯ | ૦ | ૨.૮ | ૧૬ | ૪૪ | ૨૦ | ૧૮ | ૧૦ |
| સાંબરકાંઠા | ૩૯.૮ | ૫.૫ | ૧.૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૭.૮ | ૧૧ | ૧૦ | ૬૩ | ૧૩૮ | ૨૧ | ૧૧ |
| સુરેન્દ્રનગર | ૧૨ | ૦.૫ | ૪.૨ | ૦ | ૦.૨ | ૦ | ૪ | ૦ | ૫.૮ | ૩ | ૧૨ | ૩૩ | ૨૯ | ૫ |
| અમદાવાદ | ૪૫.૬ | ૩.૬ | ૩.૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૪ | ૫.૩ | ૬ | ૩૦ | ૩૯ | ૨૯ | ૯ |
| વડોદરા | ૨૨.૨ | ૯.૪ | ૭.૨ | ૨.૩ | ૦.૨ | ૦.૨ | ૦ | ૩.૨ | ૦.૩ | ૨૮ | ૪૦ | ૫૦ | ૧૫ | ૩૦ |
| પાટણ | ૨૬.૩ | ૧ | ૫.૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૬ | ૭ | ૦ | ૧૧ | ૫૯ | ૮૮ | ૨૯ |
| મહેસાણા | ૨૫.૬ | ૧.૩ | ૨.૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧.૭ | ૪.૫ | ૦ | ૧૩ | ૬૦ | ૫૯ | ૧૯ |

**સલાહ**

ગુજરાત રાજયનાં કપાસ પકવતાં મુખ્ય જીલ્લાઓમાં સામાન્ય કરતાં ૩૦–૭૦% ઓછો વરસાદ નોંધાયેલ છે. એક અહેવાલ મુજબ ૩૦% કરતાં ઓછા વિસ્તારમાં સમયસર વાવણી થયેલ છે. ૧૧ જુલાઈ પહેલાં ૧૩.૬૫ લાખ હેકટર વિસ્તારમાં જયારે ૧૫ જુલાઈ પહેલાં ૧૭.૭ લાખ હેકટર વિસ્તારમાં કપાસની વાવણી થયેલ છે. ગુજરાત રાજયમાં છેલ્લાં ત્રણ વર્ષો દરમયાન ૨૮–૨૯ લાખ હેકટર વિસ્તારમાં કપાસનું વાવેતર થાય છે. ૧૫ જુલાઈ પછી વાવણી કરેલ કપાસમાં ગુલાબી ઈયળનો પ્રશ્ન ઉપસ્થિત થવાની શકયતા રહેતી હોય છે. જેથી ખેડુતોને આ અઠવાડિયા બાદ વાવણી ટાળવા સલાહ છે. ટુંકાગાળાની કપાસની જાતોની વહેલી અને સમયસર વાવણીથી કિટકીય જીવાતોનો ઉપદ્રવ ટાળી શકાય અને ફુલ અને જીંડવા આવવાની કટોકટી અવસ્થાએ પર્યાપ્ત માત્રામાં જમીનમાંથી ભેજ મળી રહે અને તેથી ઘટકોના ઓછા વપરાશથી વધુ ઉત્પાદન મળી શકે. મોડી વાવણી કરેલ કપાસમાં ગુલાબી ઈયળનું અસરકારક વ્યવસ્થાપન કરવું જરૂરી થઈ પડે છે. જુનાગઢમાં કપાસનો પાક ૨૧ દિવસનો છે. આંતરખેડ અને નિંદામણ કાર્ય પુરું થયેલ છે. લીલાં તડતડીયાની વસ્તી આર્થિક ક્ષમ્ય માત્રાની નીચે છે(૧/૩ પાનો/છોડ). સુરત ખાતે પાક બીજસ્ફુરણ અવસ્થામાં છે. ખાલા પુરવાની કામગીરી સમયસર થયેલ છે. ચોમાસા પહેલાં વાવેતર થયેલ કપાસમાં ગુલાબી ઈયળનાં ઉપદ્રવનાં અહેવાલ છે. ચોમાસા પહેલાં વાવેતર થયેલ કપાસમાં ફુલ અવસ્થાએ ગુલાબી ઈયળની મોજણી માટે ફેરોમોન ટ્રેપ લગાડવા. આવા ખેતરોમાં બંધ પાંખડીવાળા (રોઝેટ ફલાવર) અથવા ગુલાબી ઈયળથી નુકશાન પામેલ ફુલો ભેગા કરી નાશ કરવાની કિટ નિયંત્રણની યાંત્રિક પધ્ધતિ અપનાવવી.

| નોંધ | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૧–૫૦ | ૫૧–૮૦ | > ૮૦ |
| | (સફેદ) | (લીલો) | (પીળો) | (વાદળી) | (જાંબલી) |

સ્ત્રોત : http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm